

ગુજરાત સરકાર
Equity
Efficiency
Sustainability
WRD
પ્રગતિશીલ સરકાર
અવિરત વિકાસ ગાથા
જળસંપત્તિ વિભાગ
ગુજરાત સરકાર





પ્રગતિશીલ સરકાર
અવિરત વિકાસ ગાથા





# પ્રસ્તાવના

જળ જીવનનું અમૃત છે. એક એવું તત્વ કે જેનાથી જીવન પાંગર્યું છે અને જેના વગર જીવન અશકય છે. દરેક વ્યક્તિની પ્રાથમિક જરૂરીયાત પાણી છે પછી તેનો ઉપયોગ પીવા માટે હોય કે ખેતી માટે. પરંતુ તે હંમેશાં શુદ્ધરૂપમાં અને દરેક સ્થળે ઉપલબ્ધ હોતું નથી. ગુજરાતમાં પાણીની સમસ્યા સર્જાવાનુ મુળભૂત કારણ પાણીની જે તે વિસ્તારમાં પ્રાકૃતિક ઉપલબ્ધીમાં ભારોભાર અસંતુલન છે.

જળ આવશ્યક માત્રામાં ઉપલબ્ધ ન હોવાના કારણે તેનું સંરક્ષણ અને સંવર્ધન ખૂબ જ મહત્વનું બન્યુ છે. આ જ કારણસર સિંચાઇ સુવિધાઓનું યોગ્ય વ્યવસ્થાપન આંતરમાળખાકીય વિકાસના ભાગરૂપે અત્યંત આવશ્યક બનેલ છે.



ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ પાણીની જરૂરિયાતને પહોંચી વળવા અથાગ પરિશ્રમ સાથે કામ કરી રહ્યાં છે. જળસંપત્તિ વિભાગનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની સામાન્ય પ્રજાના હિતમાં પર્યાવરણ અને આર્થિક રીતે યોગ્ય પાણી અને સંબંધિત સંસાધનોનું સંચાલન, વિકાસ અને સંરક્ષણ કરવાનો છે. ગુજરાત સરકારના અથાગ પરિશ્રમના કારણે આજે નર્મદાના નીર સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના છેવાડાના પાણીથી વંચિત ગામડાઓ સુધી પહોંચ્યા છે.



ગુજરાતે જળસંચય અને જળવ્યવસ્થાપન દ્વારા સમગ્ર દેશમાં એક આગવા મોડેલ ધરાવતા રાજ્ય તરીકેની પોતાની ઓળખ વિકસાવી છે. ગુજરાત સરકાર દ્વારા ખેતીના વિકાસ માટે સિંચાઇની વ્યવસ્થા ઊભી કરવા માટે **સૌની યોજના, સુજલામ સુફલામ યોજના, ભાડભુત બેરેજ યોજના, ઉદ્વહન સિંચાઇ યોજનાઓ, પાઇપલાઇન યોજનાઓ** જેવા અનેક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જળસંચય અંતર્ગત ગુજરાત રાજ્યે હજારોની સંખ્યામાં નાના મોટા ચેકડેમો દ્વારા મહત્તમ જળસંગ્રહ કરવાના પરિણામે આજે પાણીની સમસ્યાના ઉકેલની દિશા કંડારેલ છે.



# જળસંપત્તિ વિભાગ દ્વારા રાજયમાં ચેકડેમની કામગીરી

ગુજરાત રાજ્યની કમાન માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સંભાળ્યા બાદ ડબલ એન્જીન સરકાર થકી રાજ્યમાં ૨ ગણી ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. રાજ્યના નાગરિકોની સેવા સર્વોપરીની નેમ સાથે ૧ વર્ષના ઓછા ગાળામાં ઘણી મહત્વની સિદ્ધીઓ હાંસલ કરી છે જેથી સિંચાઈની સુવિધા વધી અને ખેતીમાં વધારો થયો છે જેથી રાજ્યની પ્રજાની સુખાકારીમાં વધારો થયો છે.

ગુજરાત સરકાર દ્વારા જળ સંચય માટે અત્યાર સુધીમાં કુલ **૧.૮૬ લાખ ચેકડેમ** બનાવવામાં આવ્યા છે. જેમાંથી **૯૪૨૩૩ ચેકડેમો**નું નિર્માણ જળ સંપતિ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન **૯૯** નાના ચેકડેમો અને **૪૨** મોટા ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

જળસંપત્તિ વિભાગ દ્વારા રાજયમાં **૧૦૦૦** ચેકડેમ રીપેરીંગના લક્ષ્યાંક સામે **૧૬૪૧** ચેકડેમ રિપેરીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. **૬૭૮** ચેકડેમ રીપેરીંગના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને આગામી સમયમાં બાકીના ચેકડેમનું કાર્ય પૂર્ણ કરવામાં આવશે.









# આઝાદી કા અમૃત મહોત્સવ

## અમૃત સરોવર

ભવિષ્ય માટે પાણી બચાવવાના ઉદ્દેશ્ય સાથે માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૨૪મી એપ્રિલ ૨૦૨૨ના રોજ અમૃત સરોવરની નવી પહેલ શરૂ કરી. આ મિશનનો ઉદ્દેશ્ય આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે. દેશના દરેક જિલ્લામાં ૭૫ જળાશયોના વિકાસ અને પુનઃજીવિત કરવાનો છે.

મિશન અમૃત સરોવર અંતર્ગત ગુજરાત રાજ્યના વિવિધ વિભાગો દ્વારા 33 જિલ્લાઓમાં કુલ **૨૯૮૧ અમૃત સરોવર** તા. ૧૫-૦૮-૨૦23 સુધીમાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

### રાજ્ય સરકાર હસ્તગત થયેલ કામગીરી

**અમૃત સરોવરોના નિર્માણનું આયોજન**
**૨૯૮૧**

**અમૃત સરોવરોનું નિર્માણ પૂર્ણ**
**૮૦૧**

### જળ સંપત્તિ વિભાગ હસ્તગત થયેલ કામગીરી

**અમૃત સરોવરોના નિર્માણનું આયોજન**
**૧૧33**

**અમૃત સરોવરોનું નિર્માણ પૂર્ણ**
**30૪**





# આઝાદી કા અમૃત મહોત્સવ

## નદી ઉત્સવ

ભારત દેશને આઝાદી પ્રાપ્ત થયેને ૭૫ વર્ષ પૂર્ણ થયા. સમગ્ર દેશમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી. આ મહોત્સવ પૈકી 'River of India'ની થીમ અન્વયે, ભારતના જલશક્તિ મંત્રાલય દ્વારા નદી ઉત્સવ અંતર્ગત ગુજરાતમાં વિવિધ કાર્યક્રમનું આયોજન તા. ૨૬ ડિસેમ્બરથી તા. 30 ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યમાં ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતી 3 નદીઓ સાબરમતી, નર્મદા અને તાપી નદી કિનારે નદી ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું ઉદ્દઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્દહસ્તે સુરત ખાતે તાપી નદીના કિનારે કરવામાં આવ્યું.

આ નદી ઉત્સવ અંતર્ગત સાબરમતી નદી પર અમદાવાદ ખાતે, નર્મદા નદી પર ગરૂડેશ્વર-ભરૂચ ખાતે અને તાપી નદી પર સુરત ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૪ વિવિધ થીમ જેમ કે, સફાઇ, દેશભક્તિ, પ્રકૃતિ અને પર્યાવરણ જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો તથા ભક્તિ આધાત્મિક આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.




“મેરેથોન”





# સુજલામ સુફલામ જળ અભિયાન

આજે સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં ખેતીલાયક સિંચાઈ માટે પાણીની યોગ્ય સુવિધા ઊભી થઈ શકે તે માટે સુદ્રઢ વ્યવસ્થા અંતર્ગત રાજ્યવ્યાપી માળખાનું નિર્માણ કરવામાં આવ્યું. રાજ્યની નદીના પાણીને યોગ્ય માર્ગ આપીને કેનાલ અને બંધ મારફતે પાણીની અલાયદી સુવિધાનું સર્જન કર્યું. આજે મા નર્મદાના પાણી કચ્છના છેવાડના વ્યક્તિ સુધી પહોંચી રહ્યાં છે. રાજ્યની પ્રજા માટે સુવર્ણ કાળની શરૂઆત એટલે સુજલામ સુફલામ જળ અભિયાન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભૂસ્તરીય પાણી પર નિર્ભરતા ઘટાડી વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો વ્યાપ વધારવાનો રહ્યો છે.

સુજલામ સુફલામ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૮માં ૧લી મે એટલે કે ગુજરાત સ્થાપના દિવસે કરવામાં આવી. યોજનાનો મુખ્ય આગ્રહ જનભાગીદારી વધારવાની તથા પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા લોકમાનસમાં જાગૃતિ ફેલાવવાનો હતો. જનઅભિયાનને મળેલ બહોળા પ્રતિસાદ તથા ઉત્કૃષ્ટ પરિણામને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં કોરોનાની વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ વચ્ચે પણ જળ સંગ્રહ શક્તિમાં વધારો થાય તથા શ્રમિકોને રોજગારી મળે તે આશયથી સમગ્ર રાજ્યમાં આ અભિયાન હાથ ધરવામાં આવી.

અભિયાન અંતર્ગત જળસંચયમાં વધારો થાય તે માટે મુખ્યત્વે તળાવો ઉંડા કરવા, અનુશ્રવણ તળાવો, જળાશય તથા ચેકડેમ ડીસિલ્ટીંગ, ચેકડેમ રીપેરીંગ, નહેરોની સાફસફાઇ તથા મરામત અને જાળવણી, નદી/ તળાવ/ વોંકળા/ કાંસની સાફસફાઇ, નદીઓ પુનઃજીવિત કરવી. પરંપરાગત જળ સ્ત્રોતોના નવિનીકરણના કામો તથા નવા તળાવો તથા ચેકડેમો, વન તળાવો, ખેત-તલાવડી, માટીપાળા, ગેબીયન, કન્ટુર ટ્રેન્ચ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ વગેરે જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં **૭૪૫૦૯** કામો હાથ ધરવામાં આવેલ છે,

**૨૭,૭૯૯**
**હયાત તળાવો ઉંડા કરવા તથા નવા તળાવોની કામગીરી**

**૧૬,૨૯૧**
**ચેકડેમ ડિસિલ્ટીંગ**

**૪૫૦૮**
**ચેકડેમની મરામતના કામો**

**૫૬૭૭૮**
**કિ.મી- નહેરોની તથા કાંસની સાફસફાઇ**







સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત છેલ્લા 5 વર્ષમાં થયેલ કામોથી જળ સંગ્રહશક્તિમાં કુલ ૮૬,૧૯૬ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયેલ છે તથા ૧૭૭.૭૪ લાખ માનવદિનની રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યું. પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવેલ છે. ખોદકામ તથા ડીસિલ્ટીંગની કામગીરીથી નીકળેલ માટી/કાંપનો ઉપયોગ ખેડૂતોના ખેતરોમાં તથા સરકારશ્રીના અન્ય વિકાસના કામોમાં થયેલ છે. સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ થઈ જેનાથી ખેત ઉત્પાદનમાં વધારો થયેલ છે.



**૮૬,૧૯૬**

લાખ ઘન ફૂટ
જળ સંગ્રહશક્તિમાં વધારો

**૧૭૭.૭૪**

લાખ માનવદિનની
રોજગારીનું નિર્માણ

અવિરત વિકાસના નિર્ધાર સાથે આગળ વધતી સરકારની કમાન માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સંભાળ્યા બાદ આ કામોમાં સતત વધારો થયો છે. માત્ર ૧૦ માસ જેટલા નાના ગાળામાં ૧૭,૮૧૧ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.



**૬૩૯૭**
હયાત તળાવો ઊંડા કરવાતથા નવા તળાવોની કામગીરી

**૪૦૭૦**
ચેકડેમ ડિસિલ્ટીંગ

**૧૦૭૩**
ચેકડેમની મરામતના કામો

**૬૪૨૫**
કિ.મી. નહેરોની તથા કાંસની સાફસફાઇ

**૨૪૪૧૫**
લાખ ઘન ફૂટ જળ સંગ્રહશક્તિમાં વધારો

**૨૦.૮૧**
લાખ માનવદિનની રોજગારીનું નિર્માણ

# સુજલામ સુફલામ યોજના
## (સ્પ્રેડીંગ કેનાલ)

- ગુજરાતમાં જળ અને અન્નની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ગુજરાત સરકાર હસ્તકના જળસંપત્તિ વિભાગ દ્વારા દુષ્કાળની સમસ્યાથી પીડાતા એવા સુકી ધરતી અને સૂકા પેટાળવાળા તથા પીવાના પાણી અને સિંચાઈ સુવિધાઓ વિનાના આઠ જિલ્લાઓ માટે સર્વ સમસ્યાઓનો ઉકેલ લાવતી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ યોજના અમલમાં મુકવામાં આવેલ.

- મહી નદી પરના કડાણા બંધથી બનાસ બેઝીન સુધીની આશરે ૩૩૭ કિ.મી. લંબાઈની સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની વહન શક્તિ ૨૦૦૦ ક્યુસેક્સની છે. સદર કેનાલ દ્વારા કડાણાનું દરિયામાં વહી જતુ અંદાજે ૭૦૦ મિલીયન ઘન મીટર પાણીના જથ્થાનો ઉપયોગ માટે બનાવેલ છે. સદર કેનાલની પથરેખામાં આવતી આશરે ૨૧ સુક્કી ભઠ્ઠ નદીઓ અને નહેરની આજુબાજુ આવતા સેંકડો તળાવોમાં પાણી ભરી પુનઃજીવિત કરવામાં આવે છે.



**સુજલામ સુફલામ યોજના અંતર્ગત**

**સ્પ્રેડીંગ કેનાલ અંતર્ગત અપાયેલ કુલ પાણી**

**૧૮૯૯૧**

**મિલિયન ઘન ફૂટ**



# સુજલામ સુફલામ યોજના હેઠળ પાઈપલાઈનની કામગીરી

સુજલામ સુફલામ યોજના હેઠળ કુલ 14 પાઈપલાઈન નેટવર્કના કામો પૈકી 12 પાઈપલાઈનના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કામગીરી અંતર્ગત અંદાજિત **૩૭૬૭.૯૪ કરોડ**ના ખર્ચે **૮૬૪.૨૧ કિ.મી પાઈપલાઈન**ની કામગીરૂ પૂર્ણ કરવામાં આવી છે જેનાથી **૮૯૨૦૦ હેક્ટર** વિસ્તારને લાભ મળશે.

**પાઈપલાઈન નેટવર્ક થકી અપાયેલ કુલ પાણી**

**૭૦૧૬ મિલિયન ઘન ફૂટ**




HYUNDAI

# સુજલામ સુફલામ યોજના હેઠળ નવી કામગીરી

## કસરા-દાંતીવાડા પાઈપલાઈન

### જિલ્લો: પાટણ અને બનાસકાંઠા

સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઈપલાઈનો પૈકીની કસરા-દાંતીવાડા પાઈપલાઈનની **રૂા. ૧૫૬૬.૨૫ કરોડ**ની વહીવટી મંજૂરી આપવામાં આવી. જેની ટેન્ડર કાર્યવાહી પ્રગતિમાં છે. ઉત્તર ગુજરાતમાં પાણીની અછત ધરાવતા પાટણ તથા બનાસકાંઠા જિલ્લાના ૬ તાલુકાના ૧૦૬ ગામોના ૨૫૩ જેટલા તળાવો મુખ્ય પાઈપલાઈ સાથે જોડાણ કરવામાં આવી રહી છે. આ કામગીરી થકી **૧૮૫૩૦ એકર** વિસ્તારને સિંચાઈના પાણીનો લાભ મળશે.

## ડિંડરોલ-મુક્તેશ્વર જળાશય સુધીની પાઈપલાઈન

### જિલ્લો: પાટણ અને બનાસકાંઠા

સુજલામ સુફલામ યોજના અંતર્ગત ડીંડરોલથી મુક્તેશ્વર જળાશય સુધીની પાઈપલાઈન યોજનાની **રૂા. ૧૯૨ કરોડ**ની વહીવટી મંજૂરી આપવામાં આવી. આ યોજનાઓ થકી બનાસકાંઠા અને પાટણ જિલ્લાના કુલ ૪ તાલુકાના ૨૯ ગામોના ૪૧ તળાવો તથા ૧ ચેકડેમને મુખ્ય પાઈપલાઈનથી જોડાણ કરવામાં આવશે. આ કામગીરીઓ થકી **૭૪૦૦ એકર** વિસ્તારને સિંચાઈના પાણી લાભ મળશે.

# મોટીદાઉ-મુક્તેશ્વર જળાશય-કરમાવત તળાવ પાઈપલાઈન

## જિલ્લો: પાટણ, બનાસકાંઠા અને મહેસાણા

સુજલામ સુફલામ યોજના અંતર્ગત મોટીદાઉ- મુક્તેશ્વર જળાશય- કરમાવત તળાવ સુધીની પાઈપલાઈન યોજનાની **રૂા. ૫૫૦ કરોડ**ની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી. આ યોજના થકી બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાના કુલ ૯ તાલુકાના ૯૭ ગામોમાં સિંચાઈના પાણીની સુવિધા વધુ સુદ્રઢ બનશે.

# માધવગઢ-રાયગઢ ઉદવહન સિંચાઇ યોજના

## જિલ્લો: સાબરકાંઠા

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ હસ્તકની હયાત જલુન્દ્રા-માધવગઢ પાઈપલાઈનને માધવગઢથી આગળ વિસ્તાર કરવામાં આવ્યો. આ યોજના થકી તલોદ તાલુકાના ૧૩, પ્રાંતિજ તાલુકાના ૦૬ અને હિંમતનગર તાલુકાના ૧૩ ગામો મળીને કુલ સાબરકાંઠા જિલ્લાના ૩૨ ગામોને આ યોજનાનો સીધો લાભ મળશે. આ સાથે આ વિસ્તારના ૮૦૦૦ જેટલા ખેડૂતો અને તેમની **૭૪૧૦ એકર** વિસ્તારની જમીનને સિંચાઈનો લાભ થશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ **રૂા. ૨૩૯.૬૬ કરોડ** છે.

# ખાતમુહૂર્ત થયેલ યોજનાઓની વિગત

**યોજનાનું નામ :** હિરપુરા બેરેજ

**જિલ્લો :** મહેસાણા

**લાભાર્થી વિસ્તાર**
**૭૯૧૦ એકર**

**અંદાજિત રકમ**
**રૂ.૨૧૩.૩૧ કરોડ**



# ખાતમુહૂર્ત થયેલ યોજનાઓની વિગત

**યોજનાનું નામ : સોમપીપળીયા નાની સિંચાઇ યોજના**

**જિલ્લો : રાજકોટ**

| લાભાર્થી વિસ્તાર | અંદાજિત રકમ |
| --- | --- |
| ૫૪૯ એકર | રૂા.30 કરોડ |



# ખાતમુહૂર્ત થયેલ યોજનાઓની વિગત

**યોજનાનું નામ :** વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર યોજના (કાવેરી નદી)

**જિલ્લો :** નવસારી

**લાભાર્થી વિસ્તાર**
૩૪૬૦ એકર

**અંદાજિત રકમ**
રૂ.૨૫૦ કરોડ



# ખાતમુહૂર્ત થયેલ યોજનાઓની વિગત

**યોજનાનું નામ :** રીસેક્શનીંગ અને લાઇનીંગ ઓફ બીલખાડી ફ્રોમ પ્રમુખ હીલ એપાર્ટમેન્ટથી નેશનલ હાઇવે ૪૮

**જિલ્લો :** વલસાડ

**અંદાજિત રકમ**

**રૂ.૨૨.૨૨ કરોડ**



# આદિવાસી વિસ્તારમાં સિંચાઇ સુવિધાઓ સુદ્રઢ કરવાના કામો

## ઉદ્દવહન પાઇપલાઇનની કામગીરી

આદિજાતિ વિસ્તારમાં જળ સંરક્ષણ અને સિંચાઇ સુવિધા સુદૃઢ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવે છે. જે અંતરગત નાના-મોટા ચેકડેમોના નિર્માણ, હયાત ચેકડેમોના મરામતની કામગીરી, તળાવ ઊંડા કરવાની કામગીરી, ઉદ્દવહન સિંચાઇ સુવિધાઓ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

### વાત્રક નદીના જમણા તેમજ ડાબા કાંઠા પાસે વેલપોઇન્ટ બનાવી સિંચાઇના પાણીનો લાભ આપવાની યોજના

**જિલ્લોઃ અરવલ્લી**

**૧૮૬ કરોડ**
યોજનાનો અંદાજિત ખર્ચ

**૨૨૦૦ હેક્ટર**
લાભાર્થી વિસ્તાર

**૭૨**
તળાવોની કામગીરી

### પાનમ જળાશય આધારિત સંતરામપુર તાલુકાના ગામોના તળાવો માટેની સિંચાઇના પાણીનો લાભ આપવા માટેની યોજના

**જિલ્લોઃ મહિસાગર**

**૧33 કરોડ**
યોજનાનો અંદાજિત ખર્ચ

**3300 હેક્ટર**
લાભાર્થી વિસ્તાર

**૨3**
લાભાર્થી ગામો



## કડાણા તાલુકાના સરસડીથી કડાણા ઉત્તર ભાગે એલ.આઈ. સ્કિમ થકી તળાવોને પાઈપલાઈન દ્વારા લિંક કરવાની યોજના

**જિલ્લો: મહિસાગર**

| | | |
|---|---|---|
| **૮૪ કરોડ**<br>યોજનાનો અંદાજિત ખર્ચ | **૧૬00 હેક્ટર**<br>લાભાર્થી વિસ્તાર | **૧૧**<br>લાભાર્થી ગામો |

## મેશ્વો જળાશયમાંથી પાણી ઉદ્દવહન કરી સિંચાઈના પાણીનો લાભ આપવા માટેની યોજના

**જિલ્લો: અરવલ્લી**

| | | |
|---|---|---|
| **૭૫ કરોડ**<br>યોજનાનો અંદાજિત ખર્ચ | **૧૩૨૫ હેક્ટર**<br>લાભાર્થી વિસ્તાર | **30**<br>તળાવોની કામગીરી |







# આદિવાસી વિસ્તારમાં સિંચાઇ સુવિધાઓ સુદ્રઢ કરવાના કામો

## અન્ય કામગીરી

### હયાત ચેકડેમોના મરામતની કામગીરી

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૩૮૫ | ૧૩૦૦ હેક્ટર |

### ચેકડેમોની ક્ષમતા વધારવાની કામગીરી

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૮ | ૧૮૦ હેક્ટર |

### ચેકડેમ કમ કોઝ-વેના કામ

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૩ | ૨૨ હેક્ટર |

### તળાવો ઊંડા કરવાની કામગીરી

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૪૮૦ | ૯૯૩ હેક્ટર |

### નાના ચેકડેમ

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૮૫ | ૭૨૨ હેક્ટર |

### મોટા ચેકડેમ

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૫૦ | ૧૮૩૮ હેક્ટર |

### ઉદ્વહન સિંચાઇ યોજના

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૬ | ૫૩૫ હેક્ટર |

### મીની એલ.આઇ. યોજના

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| 3 | ૧૪૮ હેક્ટર |


### કૂવાઓની કામગીરી

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૧૪ | ૫૬ હેક્ટર |

### તળાવના પાળા/સ્પિલ-વે/AC-TCની મરામતની કામગીરી

| સંખ્યા | લાભાન્વિત વિસ્તાર |
|---|---|
| ૧૫ | ૧૫૬ હેક્ટર |





# સૌની યોજના

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં સમયાંતરે પાણીની અછત પ્રવર્તતી રહે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં મહદ અંશે પથરાળ વિસ્તાર તેમજ ખૂબ જ ટૂંકી લંબાઇ ધરાવતી નદીઓ વહન કરે છે. જેને પરિણામે કોઇ પણ નદી બારેમાસ કુદરતી રીતે પાણીનું વહન કરતી નથી જેના કારણે પહેલા ઉનાળામાં પાણીની તંગીનો સામનો કરવો પડતો હતો.
- પાણીના ઉપલબ્ધ સોર્સનો ઉપયોગ કરી તથા બેઝીનના આંતરજોડાણ થકી પાણીની ઉપલબ્ધી કરાવવા માટે સૌની યોજનાની શરૂઆત કરવામાં આવી.

**૧૮૫૬૩ કરોડ**
યોજનાનો અંદાજિત ખર્ચ

**૧૧**
લાભાર્થી જિલ્લા

**૧૧૫**
જળાશયો

**૮,૨૫,૦૦૦ એકર**
લાભાર્થી વિસ્તાર

**૯૭૨**
સિંચાઇના લાભાર્થી ગામો

પીવાના પાણીથી લાભાર્થી
**૩૧** શહેરો
**૭૩૭** ગામો










## સૌરાષ્ટ્ર વિસ્તારમાં સિંચાઈની સુવિધાના કામો

### સૌની યોજના મારફતે આપવામાં આવેલ પાણીની વિગતો

**૫૩**
જળાશયો

**૧૩૧**
તળાવો

**૮૬૩**
ચેકડેમો

**૪૮૨૦૦**
મિલિયન ઘન ફૂટ પાણી

## ચાલુ વર્ષે સૌની યોજનાની કામગીરી

**૩૨ જળાશયો થકી અંદાજે ૧૯૯ ગામોના ૨,૦૪,૨૮૨ એકર વિસ્તારને મળી સિંચાઈની વધુ સુદૃઢ સુવિધાઓ**

**૪૮**
જળાશયો

**૭૬**
તળાવો

**૩૭૮**
ચેકડેમો

**૮૭૩૩**
મિલિયન ઘન ફૂટ પાણી

# કચ્છ જિલ્લા માટે નર્મદાના વધારા ૧ મિલિયન એકર ફૂટ પાણીના ઉપયોગ માટેનું આયોજન

જિલ્લામાં પાણીની અછતને ધ્યાને લઈ પાણીના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે નર્મદાના ૧ મિલિયન એકર ફૂટ પાણીની કચ્છ જિલ્લાને ફાળવણી કરવામાં આવી. આ આયોજન અંતર્ગત તબક્કા-૧ હેઠળ જિલ્લાના રાપર, અંજાર, મુદ્રા, ભૂજ, માંડવી અને નખત્રાણા તાલુકાને લાભ મળશે.

**૮૦૦૦ કરોડ**
**યોજનાનો અંદાજિત ખર્ચ**

## તબક્કા-૧ હેઠળની કામગીરી

**૪૩૬૯ કરોડ**
અંદાજિત ખર્ચ

**૨,૮૧,૩૦૦ એકર**
લાભાર્થી વિસ્તાર

**૬**
લાભાર્થી તાલુકા

**૭૭**
લાભાર્થી ગામો



રાજ્યના દરેક ખેડૂતને યોગ્ય પ્રમાણમાં સિંચાઈના પાણીનો લાભ મળે, જેથી કૃષિ પાકમાં વધારો થાય અને જનસુખાકારીમાં સતત વધારો થાય તેવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**શ્રી ઋષિકેશભાઈ પટેલ**

માનનીય મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળ સંપત્તિ અને પાણી પુરવઠો



રાજ્યનો જળ સંપત્તિ વિભાગ દરેક કૃષિ ભાઇઓને સિંચાઇના પાણીની સુવિધા પહોંચાડવા સતત કાર્યશીલ છે.

**શ્રી જીતુભાઈ ચૌધરી**

માનનીય રાજ્ય કક્ષાના મંત્રી, કલ્પસર અને મત્સ્યઉદ્યોગ(સ્વતંત્ર હવાલો), નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠો (રાજ્ય કક્ષા)



# જળસંપત્તિ વિભાગ
# ગુજરાત સરકાર

Equity
Efficiency
Sustainability
WRD